GJNV070013202022

सत्यमेव जयते

| | | | | |
|---|---|---|---|---|
| રજૂ તારીખ | : | ૨૩–૧૨–૨૦૨૨ | | |
| દાખલ તારીખ | : | ૨૩–૧૨–૨૦૨૨ | | |
| નિકાલ તારીખ | : | ૨૦–૧૦–૨૦૨૩ | | |
| સમયગાળો | : | વર્ષ | માસ | દિવસ |
| | | ૦૦ | ૦૯ | ૨૭ |

**મે. આહવાના જયુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મુકામ–આહવા.**

**ફોજદારી મુકદમા નંબર :– ૧૨૧૭/૨૦૨૨**

**આંક :**

ફરિયાદી :– શ્રી સરકાર

વિરૂધ્ધ

આરોપી :– માલતીબેન સુનિલભાઈ ગાવિત,
ઉં.આ.વ. ૩૨, ધંધો–ઘરકામ,
રહે. ઘોઘલી, તા. આહવા, જિ. ડાંગ.

---

**ગુનો :– પ્રોહી એકટની કલમ–૬૫(એ)(એ) મુજબ.**

---

ફરિયાદપક્ષ તર્ફે વિધ્વાન એ.પી.પી. એસ.એચ. કોકણી.
આરોપી પક્ષ તર્ફે વિધ્વાન વકીલશ્રી એસ.જે. ચૌધરી.

---

**–: ઠ રા વ :–**

**૧.** ફરિયાદપક્ષનાં કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ ગઈ તા. ૧૮–૧૦–૨૦૨૦ ના રોજ પોતાના કબજામાં વગર પાસ પરમિટે દેશી દારૂ

લિટર–૩, કિં. રૂા. ૬૦/– નો પ્રોહી. મુદ્દામાલ રાખી રેઈડ દરમ્યાન પકડાઈ જઈ ગુનો કરેલ, તે કામે પોલીસ ધ્વારા તપાસ કરતાં હાલના આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતા આ ગુનાનુ ચાર્જશીટ આ કોર્ટ સમક્ષ પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એ)(એ) મુજબનાં ગુનાનું ચાર્જશીટ રજૂ કરેલ છે

૨. ચાર્જશીટ દાખલ થતાં, આરોપીને સમન્સ કરવામાં આવેલો. જે સમન્સ બજી જતાં આરોપી તેમનાં વિ.વકીલ શ્રી મારફતે હાજર થયેલા છે. આરોપી હાજર થતાં તેઓને પોલીસ તપાસનાં કાગળોની નકલ વિનામૂલ્યે આપવામાં આવ્યા બાદ આંક–૪ થી તહોમતનામું ફરમાવી, આંક–૫ થી પ્લી લેતાં, આરોપીએ ગુનાનો ઈન્કાર કરતાં, ફરિયાદ પક્ષનો પુરાવો નોંધવામાં આવેલ છે.

3. ફરિયાદપક્ષ તરફથી નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ છે.

## :: મૌખિક પુરાવો ::

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૦૬ | પંચ સાહેદ ભાવુભાઈ મસુભાઈ પવારની જુબાની |
| ૨ | ૦૮ | પંચ સાહેદ મંગળ્યાભાઈ રાયાજીભાઈ ગવળીની જુબાની |
| ૩ | ૦૯ | ફરિયાદી રમેશભાઈ બાળુભાઈની જુબાની |

## :: દસ્તાવેજી પુરાવો ::

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૦૭ | ગુનાવાળી જગ્યાનું પંચનામું |
| ૨ | ૧૦ | અસલ ફરિયાદ |

૪. ત્યારબાદ, ફરીયાદપક્ષે એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી ફરિયાદ પક્ષનો પુરાવો પૂરો થતાં, પ્રથમ દર્શનીય રીતે જોતાં ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ મુજબના આરોપીનું વિશેષ નિવેદન નોંધવાપાત્ર પુરાવો ન જણાતા, આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

**૫.** કેસની હકીકત તેમજ બન્ને પક્ષોની દલીલો ધ્યાને લેતા, આ કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરિયાદ પક્ષ વ્યાજબી શંકાથી પર રહીને એવું પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ ગઈ તા. ૧૮–૧૦–૨૦૨૦ ના રોજ પોતાના કબજામાં વગર પાસ પરમિટે દેશી દારૂ લિટર–૩, કિં. રૂા. ૬૦/– નો પ્રોહી. મુદ્દામાલ રાખી રેઈડ દરમ્યાન પકડાઈ જઈ, પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એ)(એ) મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ ?

**૬.** ઉપરોકત મુદ્દાઓ માટેનાં નિર્ણયો હવે પછી જણાવેલ કારણોને આધારે નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

## –: કા ર ણો :–

**મુદ્દા નં.૧ :–**

**૭.** આ કામે ફરિયાદપક્ષે આંક–૯ થી ફરિયાદી પો.કો. રમેશભાઈ બાળુભાઈને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની સોગંદ ઉપરની સરતપાસમાં ફરિયાદ હકીકતને મહદ અંશે સમર્થન આપતા પ્રયત્ન કરેલ છે, તેમજ આંક–૧૦ વાળી ફરિયાદમાં તેઓએ તેમની સહી ઓળખી બતાવે છે. સદર ફરિયાદીની આરોપીના વિ.વ.શ્રી તર્ફે ઉલટ તપાસ થયેલ છે. જેમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવવાળી જગ્યા ગીચ વસ્તીવાળી છે, અને તેની આજુ બાજુ ઘણાં ઘરો આવેલા છે. જે ઘરમાંથી મુદ્દામાલ મળેલ તે ઘરના આધાર પુરાવાની કોઈ ચકાસણી કરેલ નથી.

૮. આ કામે ફરિયાદપક્ષે પંચ સાહેદ ભાવુભાઈ મસુભાઈ પવારને આંક–૬ થી તેમજ આંક–૮ થી પંચ સાહેદ મંગળ્યાભાઈ રાયાજીભાઈ ગવળીને સોગંદ ઉપર

તપાસવામાં આવેલ છે. તેઓ આંક–૭ થી રજૂ થયેલ ગુનાવાળી જગ્યાના પંચનામાના પંચ સાહેદો છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, તેઓએ તૈયાર પંચનામામાં સહી કરેલી તે સિવાય બીજું કાંઈ જાણતા નથી. આમ, સદર પંચ સાહેદો પંચનામાની હકીકતને લેશમાત્ર સમર્થન આપતા ન હોય, ફરિયાદપક્ષે તેઓને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરી વિ.એ.પી.પી.શ્રીનાઓએ સદર પંચ સાહેદોની ઉલટ તપાસ લેતાં ઉલટ તપાસમાં પણ પંચનામાની હકીકતને સમર્થન મળે તેવી કોઈ જ હકીકત નીકળી આવતી નહી. સદર પંચ સાહેદની આરોપીના વિ.વ.શ્રી તર્ફે ઉલટ તપાસ થયેલ છે, જેમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, પંચનામામાં સહી કર્યા સિવાય તેઓ કાંઈ જાણતા નથી. આમ, સદર પંચ સાહેદોની જુબાની ઉપરથી હાલના આરોપીના કબજામાંથી પ્રોહી. મુદ્દામાલ મળી આવેલ હોય, તેવી કોઈજ હકીકત નીકળી આવતી ન હોય, ફરિયાદપક્ષને સદર પંચ સાહેદોની કોર્ટ સમક્ષની જુબાની ગુનાવાળી જગ્યાના પંચનામાની હકીકતને પુરવાર કરવામાં મદદરૂપ નિવડે તેમ નથી.

૯. આમ, ઉપરોકત કરેલ ચર્ચા, રેકર્ડ તથા રજૂ પુરાવો જોતા, આ કામના પંચ સાહેદોને ફરિયાદપક્ષ ઘ્વારા ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરેલા હોય, ફરિયાદપક્ષ ગુનાવાળી જગ્યાનું પંચનામું પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ છે. વધુમાં આ કામે ફરિયાદીનો રેકર્ડ ઉપરનો પુરાવો ધ્યાને લેતા, કબજે કરેલ મુદ્દામાલ દેશી દારૂ આ કામના આરોપીના જ ઘરમાંથી મળી આવેલ હોય, તેવો રેકર્ડ ઉપર કોઈ દસ્તાવેજી પુરાવો રજૂ થયેલ નથી. કે, સદર મુદ્દામાલનું સાયન્ટીફિક પરીક્ષણ કરાવી તે લગતનો કોઈ દસ્તાવેજી પુરાવો પણ આ કામે રજૂ કરેલ નથી. વધુમાં સદર બનાવવાળી જગ્યાની આજુ–બાજુ ઘણાં રહેણાંકના મકાનો આવેલા હોવા છતાં સદર કામે કોઈ સ્વતંત્ર સાહેદોને ફરિયાદપક્ષ ઘ્વારા તપાસવામાં આવેલા નથી, અને ફરિયાદી તે પોલીસ સાહેદ હોય, પોલીસ સાહેદની જુબાનીને પંચ સાહેદની જુબાની થકી સમર્થન મળેલ ન હોય, ફકત પોલીસ સાહેદની જુબાની પર આધાર રાખી

આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી. આમ, ફરિયાદપક્ષ પોતાનો કેસ નિ:શંકપણે પૂરવાર કરવામાં સદંતર નિષ્ફળ નિવડેલ હોય, મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં ઠરાવી મુદ્દા નં. ૨ અંગે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

(૧) આ કામના આરોપીને ફોજદારી કાર્યરીતિ સંહિતા ૧૯૭૩ ની કલમ–૨૪૮(૧) અન્વયે પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એ)(એ) મુજબનાં શિક્ષાપાત્ર ગુન્હામાંથી શંકાનો લાભ આપી છોડી મૂકવામાં આવે છે.

(૨) મુદ્દામાલ પાવતીમાં જણાવ્યા મુજબનો પ્રોહીબીશન મુદ્દામાલ અંગે અગાઉ કોઈ હુકમ કરાયેલ ન હોય, તો અપીલ સમય પૂર્ણ થયેથી તે મુદ્દામાલનો નિયમાનુસાર નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આરોપીએ ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૭(એ) મુજબ આરોપીના આગલા જામીન ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ તા. ૨૦મી, માહે–ઓકટોબર, સને–૨૦૨૩ ના રોજ આહવા મુકામે ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

આહવા.
તા. ૨૦–૧૦–૨૦૨૩

**(એસ.એ. મેમણ)**
જયુડિશિયલ મેજીસ્ટ્રેટ ફ.ક.,આહવા.
જજ કોડ નં.જી.જે.૦૧૫૬૭